# બોર્ડ બેઠક નં.૨૫૩

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ના રોજ સાંજના ૪:૦૦ કલાકે મળેલ ૨૫૩ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (૩) | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર, વતી | સભ્યશ્રી |
| (૪) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | સભ્યશ્રી |
| (૫) | જીલ્લા વિકાસ અધિકારીશ્રી<br>વડોદરા જીલ્લા પંચાયત, વડોદરા વતી | આમંત્રિત સભ્યશ્રી |
| (૬) | મુખ્યકારોબારી અધિકારીશ્રી<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા | સભ્ય-વ સચિવશ્રી |
| (૭) | નિયામકશ્રી,<br>જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરા | અન્ય |

આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૧ થી ૧૧ અને અધ્યક્ષ સ્થાનેથી મુધ્દા નં.૧ થી ૨ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુદ્દા નંબર :(૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર.નં.યુડીએ/મીટીંગ/૯૨૬/૨૦૨૨, તા.૦૨/૦૭/૨૦૨૨ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ. જે સત્તામંડળની બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઇ સભ્યશ્રી તરફથી વાંધાસુચન મળેલ ન હોય સર્વાનુમતે બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક:(૨૮૧૧)</u> : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

મુદ્દા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ ની ૨૫૧ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ ની ૨૫૧ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ જે વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી તથા તે પરત્વે તમામ સભ્યશ્રીઓની સર્વ સંમતિથી બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક:(૨૮૧૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ ની ૨૫૧ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

મુદ્દા નંબર: (3) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના હદ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ઘન-કચરાના નિકાલ માટેની કામગીરી કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશનને સાકાર કરવા માટે રાજયની મહાનગરપાલિકા વિસ્તારની હદની આજુ-બાજુના આઉટ ગ્રોથ વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોની સફાઈ બાબતે વધારે સુદૃઢ થાય તે માટે ગુજરાત સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ઠરાવ ક્રમાંક : એસબીએમ/૧૧૨૦૨૧/૧૯૫/ખ-૨ તા. ૦૨/૦૩/૨૦૨૨ થી રાજયની ૦૮ (આઠ) મહાનગરપાલિકા (૧) અમદાવાદ (૨) સુરત (૩) રાજકોટ (૪) જુનાગઢ (૫) ગાંધીનગર (૬) ભાવનગર (૭) જામનગર અને (૮) વડોદરા મહાનગરપાલિકાઓની હદની બહારના ૦૫.૦૦ કી.મી. ત્રિજયામાં શહેરી વિકસ સત્તામંડળમાં આવતી ગ્રામ પંચાયતો માટે ચોક્કસ વ્યવસ્થાતંત્રની રચના અને કાર્યપધ્ધતિ નક્કી કરવામાં આવેલ છે. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ઘન-કચરા વ્યવસ્થાપનની કામગીરી માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા ગામોની યાદી મોકલવામાં આવેલ, માન. ચેરમેનશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રી સાથે તા. ૨૨/૦૬/૨૦૨૨ ના રોજ બેઠક મળેલ, જેમાં દરેક ગામોમાં ડોર ટુ ડોર ઘન-કચરો ભેગો કરી જેતે ગામના કયા સ્થળે એકત્રિત થાય છે. ખરેખર દરેક ગામમાં પ્રતિદિન કેટલો કચરો ઉત્પન્ન થાય છે અને ગામોની હાલની વસ્તી જેવી વિગતો જિલ્લા ગ્રામ એજન્સી પાસે માંગેલ છે. આથી પ્રતિદિન ઉત્પન્ન થતો કચરો ગામોની ડમ્પીંગ સાઈટ પરથી વડોદરા મહાનગરપાલિકા હસ્તકના ૦૪ (ચાર) ટ્રાન્સપોર્ટ સ્ટેશન પર ભેગો કરવો અને ત્યાંથી વડોદરા મહાનગરપાલિકાની પ્રોસેસીંગ સાઈડ પર લઈ જવો. આ બાબતની કામગીરી કરવા માટે થનાર ખર્ચને મંજુરી આપવા તથા વડોદરા મહાનગરપાલિકા હસ્તકના ટ્રાન્સપોર્ટ સ્ટેશન અને પ્રોસેસીંગ સાઈડ પર એકત્રિત થયેલ ઘન-કચરાને નાખવા માટે પરવાનગી માંગવા બાબત અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુ થતા નીચે મુજબની વિગતવાર ચર્ચા કરવામાં આવી.

(૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ઘન-કચરા વ્યવસ્થાપનની કામગીરી માટે ચેરમેનશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરા (DRDA) દ્વારા સૌ પ્રથમ ૧૦૦ ગામો માંથી ઘન-કચરાના નિકાલ માટેની માહિતી આપવામાં આવેલ. પરંતુ સરકારશ્રીના ઠરાવ મુજબ વડોદરા મહાનગરપાલિકાના હદની બહારના ૫.૦૦ કી.મી. ના ત્રિજયામાં શહેરી વિસ્તાર કે વુડા વિસ્તારમાં આવતી ગ્રામ પંચાયતો માટે કાર્યવાહી કરવાની થાય. શહેરી વિસ્તારમાં ૮૧ ગામોનો સમાવેશ થાય છે. આ ૮૧ ગામો માંથી અંદાજીત ૧૯.૩૮૪ મેટ્રીક ટન ઘન-કચરો પ્રતિ દિન ઉત્પ્પન થનાર છે.

(૨) વડોદરા મહાનગરપાલિકાના એડી. સિટી એન્જીનીયરશ્રી (Solid waste) સાથે વે-બ્રીજ બાબતે ચર્ચા કરવામાં આવતા ટ્રાન્સફર સ્ટેશન પર વે-બ્રીજ ન હોવાને કારણે ઘન-કચરાને સીધેસીધો પ્રોસેસીંગ સાઈડ (જામ્બુઆ સાઈટ) પર વે-બ્રીજ હોવાથી ત્યાં લઈ જવાનું રહેશે.

(૩) પ્રોસેસીંગ સાઈડ (જામ્બુઆ સાઈટ) વડોદરા મહાનગરપાલિકાની કાર્યક્ષેત્રમાં આવતી હોઈ જેથી એકત્રિત થયેલ ઘન-કચરાને પ્રોસેસીંગ કરવા માટેની વડોદરા મહાનગરપાલિકાની સંમતી મેળવવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) પરિવહન તથા પ્રોસેસીંગ ચાર્જ માટે વડોદરા મહાનગરપાલિકા તથા અન્ય સત્તામંડળો સાથે ચર્ચા કરવામાં આવતા પ્રોસેસીંગ સાઈટ થી ગામોના ડમ્પીંગ સ્ટેશનના અંતરને ધ્યાને લઈ પરિવહન માટેનો અંદાજીત ખર્ચ રૂ. ૧૬૦૦.૦૦ પ્રતિ મેટ્રીક ટન તથા પ્રોસેસીંગ ચાર્જ માટે વડોદરા મહાનગરપાલિકાના હાલ મંજુર થયેલ ભાવ એટલે કે રૂ. ૮૪૨.૦૦ પ્રતિ મેટ્રીક ટન લઈ અંદાજીત ખર્ચની ગણતરી કરવામાં આવેલ છે. જેમાં ૧૯.૩૮૪ મેટ્રીક ટન એટલે કે ૨૦.૦૦ મેટ્રીક ટન માટે કુલ પરિવહન તથા પ્રોસેસીંગ ચાર્જ અંદાજીત રૂ. ૨.૧૮ કરોડ(વાર્ષિક) થાય તેમ છે. સદર ખર્ચમાં ટેન્ડર મંજુર થયેથી વધારો કે ઘટાડો થઈ શકે તેમ છે. ઘન-કચરાના કલેકશન અને પરિવહન માટે થનાર ખર્ચની સરકારશ્રીના ઠરાવ મુજબ ગ્રાન્ટ સ્વચ્છ ભારત મિશન/નિર્મળ ગુજરાતની ગ્રાન્ટ માથી મેળવવા માટેની દરખાસ્ત તથા લેગસી વેસ્ટ માટે વન ટાઈમ પરિવહન માટેની ગ્રાન્ટની દરખાસ્ત પણ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરા દ્વારા કરવાની રહેશે.

(૫) વડોદરા મહાનગરપાલિકાની પરવાનગી તથા ગ્રાન્ટ મેળવવાની દરખાસ્તની કાર્યવાહીની સમાંતરે સદર કામગીરી માટેનું ટેન્ડર બહાર પાડવાની ચર્ચા કરવામાં આવી. સદર કામગીરીનું ટેન્ડર મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા, જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા કાર્યપાલક ઈજનેરશ્રી, વુડાની સંયુકત સહીથી પાડવાનું રહેશે. લેગસી વેસ્ટની વિગતો જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ ઝડપથી આપવાની રહેશે. જેથી આ ટેન્ડરમાં જ તેનો સમાવેશ કરી શકાય.

(૬) સરકારશ્રી માંથી ગ્રાન્ટ મળ્યેથી તથા વડોદરા મહાનગરપાલિકાની સંમતી મેળવ્યા બાદ ઘન કચરાને ગામોની ડમ્પિંગ સાઈટથી વડોદરા મહાનગરપાલિકાની પ્રોસેસીંગ સાઈટ સુધી લઇ જવા માટેની કામગીરી માટેનો વર્ક ઓર્ડર મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા, તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયતની સંયુકત સહીથી આપવાનો રહેશે.

(૭) જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી વડોદરા દ્વારા ઘન-કચરો ગ્રામ્ય વિસ્તારનો હોવાથી ગ્રામ પંચાયતો માંથી ઘન-કચરા અંગેની તમામ ફરિયાદોનું નિરાકરણ તથા વડોદરા મહાનગરપાલિકાની પ્રોસેસીંગ સાઈટ પર GPS અને RFID સિસ્ટમનું મોનીટરીંગની કામગીરી કરવાની રહેશે તથા જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી વડોદરા દ્વારા વજન પાવતીને પ્રમાણિત કર્યાબાદ ચુકવણા અર્થે ચેરમેનશ્રી, DRDA મારફતે વુડાને રજુ કરવાનું રહેશે.

(૮) ૮૧ ગ્રામ પંચાયતોમાં ઘન-કચરા બાબતે જન જાગૃતિની ઝુંબેશની કાર્યવાહી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી વડોદરા દ્વારા કરવાની રહેશે.

<u>ઠરાવ ક્રમાંક:(૨૮૧૩):</u>ઉપરોકત વિગતવર થયેલ ચર્ચા મુજબ નીચે મુજબની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યુ.

(૧) જામ્બુઆ ખાતે ડમ્પીંગ તેમજ પ્રોસેસીંગ માટે વડોદરા મહાનગરપાલિકાની સંમતી મેળવવાની રહશે.

(૨) ઘન-કચરાના કલેકશન અને પરિવહન માટે થનાર ખર્ચની સરકારશ્રીના ઠરાવ મુજબ ગ્રાન્ટ સ્વચ્છ ભારત મિશન/નિર્મળ ગુજરાતની ગ્રાન્ટ માથી મેળવવા માટેની દરખાસ્ત તથા લેગસી વેસ્ટ માટે વન ટાઈમ પરિવહન માટેની ગ્રાન્ટની દરખાસ્ત પણ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરા દ્વારા કરવાની રહેશે.

(૩) વુડા વિસ્તારમાં આવતા ૮૧ ગામોમાંથી ભેગો થયેલ ઘન-કચરાને ઉપાડવાનું તથા પરિવહન કરવાનું ટેન્ડર બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું.

(૪) સરકારશ્રી માંથી ગ્રાન્ટ મળ્યેથી તથા વડોદરા મહાનગરપાલિકાની સંમતી મેળવ્યા બાદ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા, તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયતની સંયુકત સહીથી વર્ક ઓર્ડર આપવાનો રહશે.

(૫) જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી વડોદરા દ્વારા વડોદરા મહાનગરપાલિકાની પ્રોસેસીંગ સાઈટ પર GPS અને RFID સિસ્ટમનું મોનીટરીંગ, પ્રોસેસીંગ સાઈટ પર આવેલ વે બ્રીજ ની વજન પાવતીને પ્રમાણિત કર્યા બાદ ચુકવણા અર્થે ચેરમેનશ્રી, DRDA મારફતે વુડા કચેરીમાં રજુ કરવાનું રહશે તથા ૮૧ ગ્રામ પંચાયતોમાં ઘન-કચરા બાબતે જન જાગૃતિની ઝુંબેશની કાર્યવાહી કરવાની રહશે.

તેમજ ઉક્ત વિગતે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર. (૪) : પ્રધાનમંત્રી આવાસ યોજનાની ખટંબા ખાતેની એક અને સેવાસી ખાતેની બે આવાસ યોજનાના MGVCL માં ભરપાઈ કરેલ લાઈટ બીલના ખર્ચને બહાલી આપવા બાબત.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વર્ષ ૨૦૧૬-૨૦૧૭ ના ટાર્ગેટ પરત્વે મોજે ખટંબાના બ્લોક નં.૭૨/એ/પૈ. તથા નં.૭૭/પૈ. ખાતે EWS-II ના ૧૨૮૬ આવાસો, ૫૦ દુકાનો તથા ૫૦ ઓફીસો, સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ ના એફ.પી. ૭૫ માં EWS- II ના ૪૪૮ એફોર્ડેબલ આવાસોના + ૪૩ દુકાનો તથા સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ ના એફ.પી. ૧૧૯ (ફેઝ-૨) માં EWS-I ના ૨૯૪ એફોર્ડેબલ આવાસો મળી કુલ ૨૦૨૮ આવાસોના બાંધકામની કામગીરી વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં પુર્ણ કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબ લાઈટ કનેકશન MGVCL માંથી મેળવવામાં આવેલ છે.

| અનુ. | સાઈટ | મીટર કનેકશનની સંખ્યા |
|---|---|---|
| ૧. | મોજે ખટંબાના બ્લોક નં.૭૨/એ/પૈ. તથા નં.૭૭/પૈ. | ૧૪૦૯ |
| ૨. | સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ ના એફ.પી. ૭૫ | ૪૫૮ |
| ૩. | સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ ના એફ.પી. ૧૧૯ (ફેઝ-૨) | ૩૦૦ |

ઉકત જણાવેલ ૦૩ (ત્રણ) આવાસ યોજનાઓમાં લાભાર્થીઓ દ્વારા એસોસિયેશન ન બનાવવાને કારણે અત્રેની કચેરી દ્વારા આવાસ યોજનાઓના મેઈન્ટેનન્સ ફંડ માંથી કોમન લાઈટ કનેકશનોના લાઈટ બીલો ભરપાઈ કરવામાં આવેલ છે તથા ભવિષ્યમાં ભરપાઈ કરવાના પણ રહે છે. ઉકત વિગતે અત્રેના કચેરી દ્વારા મળેલ મંજુરી અનુસાર લાભાર્થીઓ વતી ભરાપાઈ કરેલ લાઈટ બીલ તેઓ દ્વારા એસોસિયેશન બનાવ્યા બાદ તેઓના મેઈન્ટેનન્સ ફંડ માંથી કપાત કરી તેઓને મેઈન્ટેનન્સ ફંડ આપવાનું રહે છે. વધુમાં ખટંબા ખાતેની પ્રધાનમંત્રી આવાસ યોજના વડોદરા મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં હોવાથી બિલ્ડીંગ યુઝ પરમીશન મેળવતા પહેલા આવાસોની આકારણી કરવાની રહે છે. સદર આવાસોની આકારણી કરાવી ઘર વેરો પણ ભરપાઈ કરવાનો થાય છે. જે પણ અત્રેની કચેરીમાં મંજુરી મેળવી લાભાર્થીઓના મેઈન્ટેનન્સ ફંડ માંથી કપાત કરી ભરપાઈ કરેલ છે તથા ભવિષ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બાંધવામાં આવી રહેલ આવાસ યોજનાઓમાં પણ લાભાર્થીઓ દ્વારા જયાં સુધી આવાસોના એસોસિયેશન ન બનાવે ત્યાં સુધી અત્રેની કચેરી દ્વારા તેઓ વતી લાઈટ બીલ તથા બિલ્ડીંગ યુઝ પરમીશન મેળવવા ઘર વેરો પણ ભરપાઈ કરવાના થશે.

આમ ઉકત વિગતે ભરપાઈ કરેલ લાઈટ બીલ તથા ઘર વેરોના થયેલ ચુકવણાની કાર્યવાહીને બહાલી આપવા. તેમજ ભવિષ્યમાં ભરપાઈ કરવાના થનાર લાઈટ બીલ તથા ઘર વેરોના ખર્ચના ચુકવણાને મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક:(૨૮૧૪): પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ખટંબા ખાતેની એક અને સેવાસી ખાતેની બે આવાસ યોજના મળી ૦૩ (ત્રણ) આવાસ યોજનાઓમાં સોંપણી થયેલ ન હોય તે તથા એસોસિયેશનની રચના થાય તે સમયગાળા સુધીના જેતે આવાસો, દુકાનો તથા ટાવર વાઈઝ કોમન મીટર અને યોજના વાઈઝ કોમન મીટરના લાઈટ બીલના નાણાં હાલમાં વુડા દ્વારા ભરવામાં આવે છે. તે માટે કરેલ કાર્યવાહી અને થયેલ/થનાર ખર્ચને મંજુર રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા ભવિષ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતના પ્રોજેકટોમાં ભરપાઈ કરવાના થનાર લાઈટ બીલ તથા ઘર વેરોના ખર્ચના ચુકવણાને મંજુરી આપવા તથા આવાસ યોજનાના લાભાર્થીઓ દ્વારા એસોસિયેશન બનાવ્યા બાદ તેઓને પરત આપવાના થતા મેઈન્ટેનન્સ ફંડ માંથી કપાત કરવા અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર. ( ૫ ) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ચાલતા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસોની બાંધકામની કામગીરીના કામો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરીના કામોમાં ભાવ વધારો આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસોની બાંધકામની, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટના કામો અંતર્ગત રોડ, ડ્રેનેજ, કાંસ, અને પાણીની કામગીરી નીચે જણાવેલ મુજબ પ્રગતિ હેઠળ છે.

- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ભાયલી, સેવાસી, વેમાલી, બીલ, ખાનપુર અને અંકોડીયાની અલગ-અલગ ટી.પી.સ્કીમોના કુલ ૨૧ ફાઈનલ પ્લોટોમાં EWS પ્રકારના ૫૮૨૬ આવાસોના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટની કામગીરી અંતર્ગત પુર્વ વિસ્તારની ટી.પી.સ્કીમ નં. ૨૫, સમિયાલા-બીલ-ભાયલી ટી.પી.સ્કીમ નં. ૦૫, ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ અને બીલ ગામથી કલાલી ગામને જોડતા ડી.પી રોડમાં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટની કામગીરી અંતર્ગત મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨, સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ અને વુડાના પુર્વ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન અને મેઈન પમ્પીંગ સ્ટેશન લાઈન નાખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટની કામગીરી અંતર્ગત મોજે ભાયલી ગામના તળાવથી બળીયાદેવ મંદિર સુધી અને બળિયાદેવ મંદિરથી આમોદ સ્ટેમ્પીંગ સુધી RCC ની પાકી કાંસ બનાવવાની કામગીરી તથા આમોદ સ્ટેમ્પીંગ થી સમિયાલા STP તળાવ પાસે આવેલ R & B ના કલવર્ટ સુધી વરસાદી તથા STP ના પાણીના નિકાલ માટેની પાઈપલાઈન બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટની કામગીરી અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા સાથેની ભાગીદારી હેઠળ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ માં 45 MLD STP તથા વુડાના પશ્ચિમ વિસ્તારના સીંધરોટ ગામ પાસે WTP અને પાણીની મેઈન ટ્રંક લાઈન નાખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઉકત જણાવેલ તમામ કામગીરી સાથે સંકળાયેલા "ગુજરાત કોન્ટ્રાકટર એસોસિયેશન" ના ઈજારદારશ્રીઓ દ્વારા છેલ્લા ૦૨ વર્ષના સમયગાળામાં COVID-19 ની પરિસ્થિતી તેમજ બાંધકામમાં વપરાતા માલસામાનમાં થયેલ અસામાન્ય ભાવ વધારાને કારણે ચાલુ પ્રોજેકટોમાં ભાવ વધારો આપવા માટે રાજય સરકારશ્રીમાં કરેલ રજુઆત પરત્વે ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક નં. પરચ/૧૦૨૦૨૨/૧૪૮/સી તા. ૨૪/03/૨૦૨૨ મુજબ અત્રેની કચેરીએ ચાલતા પ્રધાનમંત્રી આવાસ યોજના તથા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટની કામગીરીમાં ભાવ વધારો આપવાનો થાય છે. તે પરત્વે તા. ૦૬/૦૫/૨૦૨૨ ના રોજ મળેલ વુડા બોર્ડ બેઠક નં. ૨૫૧ ના ઠરાવ ક્રમાંક નં. ૨૭૯૨ મુજબ આગામી બોર્ડ બેઠકમાં વિગતવાર અભ્યાસ કરી રજુ કરવા ઠરાવવામાં આવ્યુ હતુ. વધુમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી દ્વારા માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક નં. પરચ/૧૦૨૦૨૨/૧૪૮/સી તા. ૨૪/03/૨૦૨૨ મુજબ ભાવ વધારો આપવાનો અમલ કરેલ છે. આથી અત્રેની કચેરી દ્વારા ઈજારદારશ્રીઓને ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ

મુજબ આપવાના થતા ભાવ વધારાની મંજુરી અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક:(૨૮૧૫):વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ચાલતા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસોની બાંધકામની કામગીરીના કામો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટના કામો અંતર્ગત રોડ, ડ્રેનેજ, કાંસ, અને પાણીની કામગીરી સાથે સંકળાયેલ ઈજારદારશ્રીઓને છેલ્લા ૦૨ (બે) વર્ષના સમયગાળામાં COVID-19 ની પરિસ્થિતી તેમજ બાંધકામમાં વપરાતા માલસામાનમાં થયેલ અસામાન્ય ભાવ વધારો, મજુરોની અછત અને માલ-સામાનની હેરફેરમાં ગંભીર મુશ્કેલીઓ પડેલ તેમજ કામોમાં વપરાતા સિમેન્ટ અને સ્ટિલના ભાવોમાં છેલ્લા ૦૨ (બે) વર્ષ દરમ્યાન અકલ્પનિય ભાવ વધારો થવાથી ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક નં. પરચ/૧૦૨૦૨૨/૧૪૮/સી તા. ૨૪/૦૩/૨૦૨૨ માં દર્શાવેલ શરતો/નિયમોને આધિન વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના કોન્ટ્રાકટર/ઈજારદારશ્રીઓને રાહત આપવાની મંજુરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર: (૬) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસ યોજનાઓમાં મીટર કનેકશનની પ્રોસેસીંગ ફી ભરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મોજે ભાયલી ટી.પી.સ્કીમ નં. ૨ ના ફા.પ્લોટ નં. ૧૦૦ અને ૧૦૧, ભાયલી ટી.પી.સ્કીમ નં. ૩ ના ફા.પ્લોટ નં. ૧૧૨ અને ૧૧૪, ભાયલી ટી.પી.સ્કીમ નં. ૪ ના ફા.પ્લોટ નં. ૧૮૦, ખાનપુર – અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨ ના ફા.પ્લોટ નં. ૧૩, ૨૩ અને ૪૯ તથા બીલ ટી.પી.સ્કીમ નં. ૧ ના ફા.પ્લોટ ૩૮ મળી કુલ અલગ-અલગ ૦૯ પ્લોટોમાં ઈજારદારશ્રીઓ ધ્વારા બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. જે પુર્ણતાના આરે હોવાથી ટેન્ડરના નિયમો મુજબ ઈજારદારશ્રીઓ ધ્વારા લાભાર્થીઓના આવાસોના વીજ જોડાણ મેળવવા અંગે મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરામાં અરજી કરવાની હોઈ છે તેમજ ટેન્ડરના નિયમોનુંસાર વીજ જોડાણ અંગે ભરવાના થતા ચાર્જ ઈજારદારશ્રી ધ્વારા ભરવાના થાય છે. હાલ મળેલ સુચના પરત્વે માન. પ્રધાનમંત્રીશ્રીના હસ્તે આવાસ યોજનાઓનું લોકાર્પણ કરવાનું થાય છે. પરંતુ ઈજારદારશ્રી ધ્વારા **Covid-19** ની પરિસ્થિતિને કારણે મટીરીયલમાં થયેલ અસહ્ય ભાવ વધારો તથા તમામ કામગીરીનું લોકાર્પણ ટુક સમયમાં પુર્ણ કરવાનું હોય, નાંણાકીય અછત જેવા કારણો જણાવી તેઓ દ્વારા મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરા ખાતે વીજ જોડાણ માટે ભરવાની થતી ફી તેઓ દ્વારા ભરપાઈ કરી શકે તેમ ન હોય, હાલ વુડા દ્વારા ભરપાઈ કરવામાં આવે અને ત્યાર બાદ તેઓના રનીંગ બીલમાંથી કપાત કરવા રજુઆત કરવામાં આવેલ છે.

મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરા દ્વારા દરેક ફા.પ્લોટ વાઈઝ આવાસો, દુકાનો, આવાસોના કોમન, દુકાનોના કોમન તથા પ્લોટના કોમન વીજ જોડાણ મેળવવા અંગે પ્રોસેસીંગ ફી, મીટર કનેકશન ચાર્જીસ, સિક્યુરીટી ડીપોઝીટ તથા ટેસ્ટ રિપોર્ટ ચાર્જીસ પેટે વીજ જોડાણના કનેકશનની કુલ ફી પેટે અંદાજીત રકમ રૂ. ૧,૯૧,૪૯,૫૭૩/- (અંકે રૂપિયા એક કરોડ એકાણું લાખ ઓગણપચાસ હજાર પાંચસો તોતેર પુરા) મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરા ખાતે જમા કરવા માટે પત્ર પાઠવેલ. આથી ઉપરોકત વિગતે કામની અગત્યતા ધ્યાને લઈ મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરા ધ્વારા વીજ જોડાણ અંગેની પ્રોસેસીંગ ફી અત્રે દ્વારા ઈજારદારશ્રીઓ દ્વારા કરેલ રજુઆત મુજબ તેઓના રનીંગ બીલોમાંથી કપાત કરી ભરપાઈ કરવાના થાય છે. હાલની પરિસ્થિતિ જોતા ઈજારદારશ્રી દ્વારા ભરવાની થતી રકમ અત્રે દ્વારા ભરપાઈ કરવા મંજુરી આપવા અર્થે સાદર રજુ તથા ઈજારદારશ્રીઓ દ્વારા અત્રે દ્વારા ભરપાઈ કરવામાં આવનાર રકમ તેઓના બાકી રહેલ રનીંગ બીલોમાંથી કપાત કરવા અંગે બાંહેધરી પણ આપવામાં આવેલ છે. હાલ લોકાર્પણની પરિસ્થિતિને ધ્યાને લેતા સદર ચુકવણાની રકમ રૂ. ૧,૯૧,૪૯,૫૭૩/- (અંકે રૂપિયા એક કરોડ એકાણું લાખ ઓગણપચાસ હજાર પાંચસો તોતેર પુરા) આગામી બોર્ડ બેઠકની મંજુરીની અપેક્ષાએ અત્રેની કચેરી દ્વારા ભરપાઈ કરી તેઓના બાકી રહેલ રનીંગ બીલોમાંથી કપાત કરવાની મંજુરી મળેલ હતી. તે પરત્વે ઈજારદારશ્રીઓના રનીંગ બીલો માંથી અત્રે દ્વારા મળેલ મંજુરી મુજબ **MGVCL** માં ભરેલ રકમ કપાત કરવામાં આવેલ છે. જે અંગે બહાલી મેળવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક:(૨૮૧૬):પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મોજે ભાયલી ટી.પી.સ્કીમ નં. ૨ ના ફા.પ્લોટ નં. ૧૦૦ અને ૧૦૧, ભાયલી ટી.પી.સ્કીમ નં. ૩ ના ફા.પ્લોટ નં. ૧૧૨ અને ૧૧૪, ભાયલી ટી.પી.સ્કીમ નં. ૪ ના ફા.પ્લોટ નં. ૧૮૦, ખાનપુર – અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨ ના ફા.પ્લોટ નં. ૧૩, ૨૩ અને ૪૯ તથા બીલ ટી.પી.સ્કીમ નં. ૧ ના ફા.પ્લોટ ૩૮ મળી કુલ અલગ-અલગ ૦૯ પ્લોટોમાં આવાસો, દુકાનો તથા કોમન મીટરોના કનેકશન મેળવવા અંગે કરવામાં આવેલ કાર્યવાહીને સર્વાનુમતે મંજુર રાખવાનું ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે કરવાની થતી આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર. (૭) : વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧ એફ.પી.નં. ૧૨૨ ખાતે EWS-II ના ૪૪૮ આવાસો, ૧૩ દુકાનોના બાંધકામના કામમાં થયેલ વધારાની કામગીરીના ખર્ચને મંજુરી આપવા બાબત.

ઉપરોકત વિષયે સવિનય જણાવવાનું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મોજે ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. ૧૨૨ ખાતે EWS-II ના ૪૪૮ આવાસો, ૧૩ દુકાનોના બાંધવામાં માટે ઈજારદારશ્રી તરીકે કતીરા કન્સ્ટ્રક્શન લીમીટેડ, ભુજ-કચ્છને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જે પરત્વે તેઓ દ્વારા બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર એફ.પી. ૧૨૨ માં ડ્રેનેજ, સ્ટ્રોમ વોટર લાઈનની કામગીરી કરતી વખેતે સદર એફ.પી. માં જુના ખાળકુવાઓ મળી આવ્યા હતા. જેમાં આજુ-બાજુની સોસાયટીના ગટર કનેકશનોની પાણીની લાઈન ખાળકુવામાં સામેલ હતી. પણ એજન્સી દ્વારા કામગીરી કરતી વખેતે કનેકશનોમાં ગટરનું પાણી બંધ હતુ અને ખાળકુવાઓ ખાલી હતા. પરંતુ રોડ, ડ્રેનેજ અને સ્ટ્રોમ વોટર લાઈનની કામગીરી કરતી વખતે ખાળકુવાઓનું ડીસમેન્ટલીંગ તથા બેક ફીલીંગ કરવું જરૂરી હોય, એજન્સી દ્વારા ડીસમેન્ટલીંગ તથા બેક ફીલીંગ કરવા માટે માર્કેટ રેટ પ્રમાણે રૂ. ૨,૬૦,૭૨૭/- નું અંદાજપત્ર આપવામાં આવેલ છે તથા તેઓ દ્વારા ફોટો ગ્રાફ્સ પણ રજુ કરવામાં આવેલ છે. અત્રે દ્વારા એજન્સીના ના પત્ર અન્વયે આ કામગીરી એકસ્ટ્રા આઈટમ તરીકે ટેન્ડર બહારની છે કે કેમ તથા એજન્સી દ્વારા પાઠવવામાં આવેલ અંદાજની ચકાસણી કરવા માટે પી.એમ.સી. ને અત્રે દ્વારા પત્ર પાઠવેલ હતો. પી.એમ.સી. દ્વારા જણાવેલ કે સદર કામગીરી ટેન્ડર બહારની છે તથા આ કામગીરીની ચકાસણી કરતા કામનો અંદાજ રૂ. ૧,૪૨,૦૦૦/- (R & B ના નવા SOR 2021-22) મુજબ થવા સંભવ છે તેમ પી.એમ.સી. દ્વારા અત્રેની કચેરીને પત્રથી રજુ કરેલ છે. સદર કામમાં રૂ. ૧,૩૫,૦૮,૯૨૮.૦૦ બચત થયેલ છે અને વધારાની કામગીરીમાં રૂ. ૧,૪૨,૦૦૦/- થાય તેમ છે. એટલે કે સદર કામમાં ટેન્ડરની રકમની બહારનો કોઈપણ ખર્ચ થાય તેમ નથી. આથી વધારાની કામગીરી કરવા તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચને અત્રેની કચેરીએ તા. ૦૧/૦૭/૨૦૨૨ ના રોજ મંજુરી મળેલ છે. આથી સદર કામગીરી કરવા માટે થનાર વધારાના ખર્ચને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક:(૨૮૧૭) : વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧ એફ.પી.નં. ૧૨૨ ખાતે EWS-II ના ૪૪૮ આવાસો, ૧૩ દુકાનોના બાંધકામના કામમાં વધારીની કામગીરી માટે R & B ના નવા SOR 2021-22 મુજબ રૂ. ૧,૪૨,૦૦૦/- અલગથી ઈજારદારશ્રીને ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર (૮ ) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની હદ માં પૂર્વ વિસ્તારમાં આવેલા ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાના અંગેના પ્રોજેક્ટના ટેન્ડરના નિર્ણય બાબત.

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ અને વડોદરા મહાનગરપાલિકાની હદને અડીને પૂર્વ વિસ્તારમાં આવેલ ૧૧ ગામો મોજે સયાજીપુરા, અણખોલ, ખટબા, શંકરપુરા,(તા.વડોદરા), તથા મોજે સિકંદરપુરા, જેસંગપુરા, બાકરોલ, શ્રીપોરટીબી, પવલેપુર, હનુમાનપુરા, આમોદર,(તા.વાઘોડિયા) ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાનું આયોજન કરેલ છે.

- **SSNNL** દ્વારા તા.૨૦/૦૬/૨૦૧૫ ના રોજ 10 **MLD** પાણી માટે વુડાને મંજુરી મળેલ છે. તથા વધુ 10 **MLD** પાણી આપવા માટે વુડા દ્વારા તા. ૪/૧૦/૨૦૨૦ ના રોજ **SSNNL** માં દરખાસ્ત કરેલ છે.
- જે પરત્વે સદર પ્રોજેક્ટ ની પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટનસી (**PMC**) ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગર દ્વારા તા. ૦૫/૦૬/૨૦૨૧ ના રોજ 20 **MLD WTP** માટે રૂ. ૧૨૫ કરોડ નો ડી.પી.આર. વુડામાં જમા કરાવેલ હતો. જેને વુડા દ્વારા તાંત્રિક મંજુરી અર્થે **GWSSB** - ઝોન -૧ વડોદરા ખાતે પાઠવેલ હતો.
- સદર પ્રોજેક્ટ માં 20 **MLD** ની ક્ષમતા ના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું આયોજન હતું. સદર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા માટે વુડા ને કપાત પેટે પ્રાપ્ત થયેલ મોજે ગામ હનુમાનપુરા તાલુકો વાઘોડિયાના નવા સર્વે નં. ૩૭ ની ૨૪૩૮૫ ચો.મી જમીન ટી.પી. સ્કીમ બનાવવાના જે તે તબક્કે સૂચિત ટી.પી.સ્કીમમાં માળખાગત સુવિધા માટે અનામત રાખવા વુડાના કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા તા. ૨૨/૦૨/૨૦૨૧ ના રોજના પત્રથી વુડાના પ્રવર નગર નિયોજકશ્રી ને જણાવેલ છે.
- સદર પ્રોજેક્ટ બાબતે વુડાના માનનીય ચેરમેનશ્રી સાથે ચર્ચા થતા તેઓ દ્વારા **VMC** માં પણ દક્ષિણ તથા પૂર્વ ઝોનમાં પીવાના પાણી માટે રામેશ્વરા થી પાણી લાવવાની યોજના વિચારણા હેઠળ હોવાથી **VMC** તથા **VUDA** બંને સાથે પ્રોજેક્ટ કરે તેમ જણાવ્યું. જે મુજબ વુડાના 50 **MLD** અને **VMC** ના 50 **MLD** એમ કુલ 100 **MLD** માટે રૂ. ૧૬૨ કરોડનો **DPR** અત્રેની કચેરી દ્વારા તૈયાર કરીને તાંત્રિક મંજુરી અર્થે **GWSSB** માં પાઠવેલ હતો પરંતુ ત્યારબાદ **VMC** તરફથી પ્રોજેક્ટ અંગે કોઈ પ્રત્યુતર ન મળતા તા. ૬/૧૦/૨૦૨૧ ના રોજ વુડા ખાતે થયેલ બોર્ડ મીટીંગ માં સદર કામગીરી માત્ર વુડા વિસ્તારમાં કરવાનું તથા ભવિષ્યમાં **VMC** તરફથી સંયુક્ત પ્રોજેક્ટ માટે વિધિવત દરખાસ્ત મળ્યેથી તે મુજબ પ્રોજેક્ટમાં સુધારો કરી કામગીરી કરવા ઠરાવવામાં આવ્યું હતું.
- જે મુજબ અત્રેની કચેરી દ્વારા ફક્ત વુડા માટે ૧૨૪.૫૪ કરોડના પ્રોજેક્ટને **GWSSB** ની ૧૮૭ મી તાંત્રિક ચકાસણી કમિટીમાં તા.૧૬/૦૨/૨૦૨૨ ના રોજ મંજુરી અર્થે સાદર કરવામાં આવ્યો હતો. પરંતુ કમીટી દ્વારા **DI** ની જગ્યાએ **MS** ની પાઈપલાઈન લેવા, 30 **MLD** ની જગ્યાએ 50 **MLD** નો **WTP** બનાવવા માટે તથા પાણી વિતરણની લૂપ સીસ્ટમમાં ફેરફાર કરવા માટે જણાવ્યું હતું. જેથી ઉપરોક્ત રીમાર્કસ મુજબ અત્રેની કચેરી દ્વારા રૂ.૧૫૯.૧૪ કરોડનો **DPR** તૈયાર કરવામાં આવેલ હતો. પરંતુ ત્યારબાદ **GWSSB** નો **SOR** બદલાતા નવા **SOR** (વર્ષ ૨૦૨૨-૨૩) તથા **R & B** નવા **SOR** (વર્ષ ૨૦૨૧-૨૨) પ્રમાણે રૂ.૨૦૩.૭૭ કરોડનો **DPR** અત્રેની કચેરીએથી તૈયાર કરીને **GWSSB** માં તા. ૦૪/૦૪/૨૦૨૨ ના રોજ પાઠવેલ હતો.
- સદર પ્રોજેક્ટને **GWSSB** ગાંધીનગરની ૧૮૯ મી તાંત્રિક ચકાસણી ની કમિટીમાં તા.૧૧/૦૪/૨૦૨૨ ના રોજ રૂ.૨૦૩.૭૭ કરોડ માટે તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે. તથા **GWSSB,** ગાંધીનગર ની બોર્ડ બેઠક માં તા. ૧૩/૦૫/૨૦૨૨ ના રોજ વહીવટી મંજુરી આપેલ છે. સદર બોર્ડ બેઠક માં યોજના પેટે ૬૦% રકમ વુડા દ્વારા “જલ જીવન મિશન” ની મેચીંગ ગ્રાન્ટ તરીકે ભોગવવા માટે ઠરાવેલ છે.

- સદર પ્રોજેકટના ઓપરેશન અને મેઈન્ટેનન્સની કામગીરીને વુડાની તાંત્રિક સમિતીમાં તા. ૩૦/૦૬/૨૦૨૨ ના રોજ રૂ. ૨.૭૩ કરોડની તાંત્રિક મંજુરી મળેલ છે. આ પ્રોજેકટની આમ મૂળ કામગીરી તથા **O & M** ની કામગીરી મળી કુલ રૂ. ૨૦૬.૫૦ કરોડનો પ્રોજેકટ કોસ્ટ થાય છે.
- સદર યોજના ભવિષ્યની 50 **MLD** પાણીની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ છે.
- સદર પ્રોજેક્ટ માં 50 **MLD** ના **WTP** માટે ૭૫૦૦૦ ચો.મી. જમીનની જરૂરીયાત રહે છે. હાલમાં સુચિત ટી.પી.સ્કીમ નં ૨૮-બી (અણખોલ, હનુમાનપુરા, શ્રી પોરટીંબી) માં આ જમીન રીઝર્વેશન માટે રાખવાની થાય છે. સદર ટીપી સ્કીમ બનાવવા અત્રેથી તા. ૦૬/૦૫/૨૦૨૨ ના રોજ ઇરાદો જાહેર કરવામાં આવેલ છે. અધિનિયમની જોગવાઇઓના મુજબ સદર ડ્રાફ્ટ સ્કીમ તૈયાર કરી ૯ મહિનામાં પ્રસિધ્ધ કરવાની રહે છે. પરંતુ અસામાન્ય સંજોગોમાં વધુ ૩ મહિના સરકારશ્રીની મંજુરી મેળવી લંબાવી શકાય છે. ત્યારબાદના પ્રસિધ્ધની તારીખથી ૩ મહિનામાં સરકારશ્રીમાં સાદર કરવાની થાય છે. સામાન્ય સંજોગોમાં ૧૨ મહિનામાં જો તૈયાર કરવામાં આવે તો અંદાજીત તા. ૦૫/૦૫/૨૦૨૩ સુધીમાં સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવાની થાય. પરંતુ ડિસેમ્બર માસમાં ગુજરાત વિધાન સભાનું ઇલેકશન આવનાર હોવાથી; અત્રેથી સદર સ્કીમ અગત્યતા આપીએ તો પણ અંદાજીત માર્ચ-૨૩ સુધીમાં નામદાર સરકારશ્રીમાં ડ્રાફ્ટ સ્કીમ તૈયાર કરી મંજુરી અર્થે સાદર કરી શકાય તેમ છે. તે બાદ સરકારશ્રી દ્વારા સદર સ્કીમને ડ્રાફ્ટ મંજુર કરતા આશરે ૧.૫ થી ૨ વર્ષનો સમય થઇ શકે છે.
- વધુમાં સદર પ્રોજેકટમાં આશરે ૭૫૦૦૦ ચો.મી. જમીન એક જથ્થે જરૂરી હોય; સદર મુળખંડોની જમીનને અન્યત્રે અંતિમખંડને ફાળવવાના થાય. જે સંજોગોમાં સદરહું મુળખંડોની બહાર ફાળવેલ અંતિમખંડોને વિકાસ પરવાનગી આપવા અંગે પણ નિર્ણય લેવાનો રહે છે. કે જેથી સરકારશ્રી દ્વારા ડ્રાફ્ટ સ્કીમ મંજુર થયા બાદ કોઇપણ દાવા પ્રકરણ ટાળી; સવાલવાળી જમીનનો કબ્જો લઇ શકાય.
- સદર પ્રોજેક્ટમાં રામેશરા હેડવર્કસથી ટીંબી થી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પાઈપલાઈન ની કુલ લંબાઈ ૨૬ કી.મી. છે.
  - સદર ૨૬ કી.મી. પૈકી ૧૦.૨ કી.મી ની લંબાઈ માં જીલ્લા (માર્ગ અને મકાન) વિભાગની જમીનમાં રોડને સમાંતર નાખવાનું આયોજન છે. જે માટેની ડીપોઝીટ તથા જમીન ભાડાની રકમ અત્રેની કચેરી દ્વારા જીલ્લા (માર્ગ અને મકાન) વિભાગ માં જમા કરવામાં આવેલ છે.
  - સદર ૨૬ કી.મી. પૈકી ૨ કી.મી. લંબાઈમાં પંચાયત (માર્ગ અને મકાન) વિભાગની જમીન માં રોડને સમાંતર નાખવાનું આયોજન છે. જે માટે અત્રેની કચેરી દ્વારા પંચાયત (માર્ગ અને મકાન) વિભાગમાં પરવાનગી માંગેલ છે.
  - સદર ૨૬ કી.મી. પૈકી ૧૨.૬ કી.મી. માં **SSNNL** ની જમીનમાં કેનાલને સમાંતર રાખવાનું આયોજન છે. સદર પ્રોજેક્ટ માં રામેશરા પાસે કેનાલ ઓફટેક બનાવવા માટે **SSNNL** ની જમીનમાં ૨૦૦X૩૫ મીટરના પ્લોટની જરૂરીયાત છે. તથા પાઈપલાઈનના રૂટમાં **SSNNL** ના કુલ બાર ક્રોસિંગ ક્રોસ કરવાના થાય છે.ઉપરોક્ત તમામ કામ માટેની પ્રોસેસીંગ ફી અત્રેની કચેરી દ્વારા ભરવામાં આવેલ છે તથા તે માટેની આગળ ની કાર્યવાહી **SSNNL** માં પ્રગતિ હેઠળ છે. **SSNNL** માંથી ઉપરોક્ત તમામ કામ માટેની મંજુરી આવતા ૩ થી ૪ મહિનાનો સમય લાગી શકે તેમ છે.
  - વધુમાં સદર પાઈપલાઈન ના રૂટમાં ૧.૩ કી.મી ની લંબાઈ માં **SSNNL** પાસે જમીન ન હોવાથી જે તે જમીન માલિકો સાથે **ROU** કરવાનું થાય છે.

ઉપરોક્ત વિગતે સામાન્ય સંજોગોમાં ટેન્ડર ની સમય મર્યાદા ૨૪ મહિનાની હોય છે તથા મા.મ. વિભાગના મેન્યુઅલ મુજબ સામાન્યત: આવા મોટા કામની સમયમર્યાદા ૩૬ મહિના રાખવાની થાય છે. હાલમાં **SSNNL** માં ઓફટેક માટે પ્લોટની ફાળવણી માટે, કેનાલ ની સમાંતર પાઈપલાઈન નાખવા માટે તથા પાઈપલાઈન ના રૂટમાં

આવતા કુલ ૧૨ ક્રોસિંગ ની પરવાનગી અંગેની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. તથા **WTP** માટે જરૂરી ૭૫૦૦૦ ચો.મી. જમીન પૈકી હાલમાં વુડા પાસે કપાત તરીકે મળેલ ૨૪૩૮૫ ચો.મી. સિવાયની ૫૦૬૧૫ ચો.મી. જમીનનો પ્લોટ ટી.પી. સ્કીમ નં ૨૮ બી સરકારશ્રી માંથી મંજુર થયેથી મળી શકે તેમ છે. જેથી સદર પ્રોજેક્ટ માટે ટેન્ડરમાં **WTP** માટે વધારાની જરૂરિયાતની આશરે ૫૦૬૧૫ ચો.મી. જમીન તથા **SSNNL** ની જમીનમાં પાઈપલાઈન તથા ઓફટેક બનાવવાની બાબતનો તથા ૧.૩ કી.મી. માં **ROU** બાબતનો ઉલ્લેખ કરવાનો તેમજ આ પ્રોજેકટ રૂ. ૨૦૬.૫૦ કરોડના પૈકીના **O & M** ના (૫ વર્ષ) ના રૂ. ૨.૭૩ કરોડના ખર્ચને બહાલી આપવા તથા જમીનનો પ્રશ્ન હોય, આ કામની સમયમર્યાદા ૩૬ મહિના (ચોમાસા સિવાય) રાખવા અંગે નિર્ણય થવા તથા કબજા સિવાયની જરૂરિયાત વાળી જમીન એક જથ્થે મળે તેવા કિસ્સામાં મુળખંડની બહાર અંતિમ ખંડોમાં વિકાસ પરવાનગી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક:(૨૮૧૮) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની હદ માં પૂર્વ વિસ્તારમાં આવેલા ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાના અંગેના પ્રોજેક્ટ માટે નીચે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

(૧) વુડની તા. ૦૬/૦૫/૨૦૨૨ ના રોજ યોજાયેલી ૨૫૧મી બોર્ડ બેઠકમાં સદર પ્રોજેકટ માટે GWSSB ધ્વારા આપવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત વુડા ધ્વારા કરવામાં આવનાર અંદાજીત ખર્ચને સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ હતી. કુલ ૨૦૬.૫૦ કરોડ પૈકી O & M સિવાયના ૨૦૩.૭૭ કરોડના પ્રોજેક્ટને GWSSB ગાંધીનગરની બોર્ડ બેઠકમાં તા. ૧૩/૦૫/૨૦૨૨ ના રોજ વહીવટી મંજુરી મળેલ છે તથા યોજના પેટે ૬0% રકમ વુડા ધ્વારા જલ જીવન મિશનની મેચિંગ ગ્રાન્ટ તરીકે ભોગવવા માટે ઠરાવેલ છે. આમ ઉપરોક્ત વિગતે સદર પ્રોજેક્ટના ૨૦૩.૭૭ કરોડના ૬0% પેટે અંદાજીત રૂ. ૧૨૩ કરોડ રકમ વુડા ધ્વારા ભોગવવાની રહેશે.

(૨) ટેન્ડરમાં નીચે મુજબ ની શરતો ઉમેરવાની રહશે.

- આર.ઓ.યુ માટે ની તમામ કામગીરી ઈજારદારશ્રી ધ્વારા કરવાની રહેશે.
- માર્ગ અને મકાન વિભાગની જમીનમાં રોડને સમાંતર પાઈપ લાઈન નાખવા માટે વુડા ધ્વારા પરવાનગી માંગેલ છે. જેની મંજુરી આવ્યા બાદ ઈજારદારશ્રી ધ્વારા કામગીરી કરવાની રહેશે.
- **WTP** માટે હાલમાં વુડા પાસે ૨૪,૩૮૫.૦૦ ચો.મી. જમીન ઉપલબ્ધ છે. બાકીની ૫૦,૬૧૫.૦૦ ચો.મી. જમીન અંદાજીત ડીસેમ્બર ૨૦૨૪ માં સરકારશ્રી માંથી ડ્રાફટ ટી.પી. સ્કીમ મંજુર થયા બાદ મળશે. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ક્લીયર વોટર સંપ, પંપ હાઉસ અને પાણી ની ટાંકીઓની ગોઠવણ હયાત પ્લોટમાં કરવાની રહેશે.
- વુડા ધ્વારા **SSNNL** માં ઓફટેક માટેના પ્લોટની ફાળવણી માટે, કેનાલ ની સમાંતર પાઈપલાઈન નાખવા માટે તથા પાઈપલાઈન ના રૂટમાં આવતા ક્રોસિંગ માટે ની પ્રોસેસીંગ ફી ભરવામાં આવેલ છે. તથા પરવાનગી માટેની આગળ ની પ્રક્રિયા **SSNNL** માં પ્રગતિ હેઠળ છે. જેની મંજુરી આવ્યા બાદ ઈજારદારશ્રી ધ્વારા કામગીરી કરવાની રહેશે.

(3) ટેન્ડરની સમયમર્યાદા ૩૬ માસ (ચોમાસા સિવાય) રહેશે.

(૪) કુલ ૨૦૬.૫૦ કરોડ ના પ્રોજેક્ટ પૈકી ૫ વર્ષ ના **O & M** માટે વુડા ધ્વારા થનાર ૨.૭૩ કરોડના ખર્ચને મંજુર રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

તેમજ ઉક્ત વિગત અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર: (૯) મોજે આમોદર ખાતે સુચિત નગર રચના યોજના નં.૦૧ આમોદર ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે આમોદર ખાતે સુચિત નગર રચના યોજના નં. ૦૧ આમોદર ગામના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા. ૦૯/૦૬/૨૦૨૧ ના રોજ મુખ્ય નગર નિયોજક ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા.૦૮/૧૦/૨૦૨૧ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૦૧ આમોદર તૈયાર કરવાના કામે વુડાની તા. ૦૪/૦૧/૨૦૨૨ ની બોર્ડ બેઠક નં.૨૪૯ માં મુદ્દો લઇ તે પરત્વે ઠરાવ ક્રમાંક ૨૭૭૩ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્દનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા.૦૪/૦૧/૨૦૨૨ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધ તા. ૧૭/૦૧/૨૦૨૨ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં. ૦૪-૦૫ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા. ૨૧/૦૧/૨૦૨૨ ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, એલ.એન્ડ.ટી. સર્કલ પાસે, વીઆઇપીરોડ, વડોદરા ખાતે તા.૨૬/૦૪/૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં "જાહેર નોટીસ" પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમની કલમ-૪૨ તથા નિયમ-૧૮ હેઠળ પ્રસિધ્ધ કરેલ છે તે મુસદ્દા પરત્વે વાંધા સુચનો મેળવવા અંગે અધિસુચન સરકારી રાજય પત્રમાં, સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં તથા જાહેર સ્થળોએ, સંબંધિત કચેરીઓમાં પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અધિનિયમની-૧૯૭૬ તથા તે તળેના નિયમો -૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૦૨/૦૫/૨૦૨૨ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમયગાળામાં નગર રચના યોજના નં ૦૧ ના કુલ ૧૩૪ વાંધા રજુ થયેલ છે. સમય મર્યાદામાં આવેલ નગર રચના યોજના નં ૦૧ ના વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોમુજબ સુધારો કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક:(૨૮૧૯) મોજે આમોદર ખાતે સુચિત નગર રચના યોજના નં.૦૧ નો મુસદ્દો ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા.૦૨-૦૫-૨૦૨૨ થી એક માસની સમય મર્યાદામાં સુચિત નગર રચના યોજના નં.૦૧ માં કુલ–૧૩૪ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની કુલ-૩૩૨ રજુઆતો પૈકી કુલ-૨૨૧ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની ૧૧૧ પ્રકારની રજુઆતો

જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ, સદર યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ ૭૫મી. તથા ૨૪.મી. ના બે ડી.પી.રોડના રસ્તા રેષાઓમાં સૂચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા મોજે. આમોદર રે.સ.નં.૭૬ થી રે.સ.નં.૩૬૧/ડ સુધીના ૧૨.૦ મી. પહોળાઇના ડી.પી.રસ્તાને રદ કરવા તેમજ રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા તેમજ સદર ફેરફારના કારણે લાગુ ગામ મોજે:- પવલેપુરમાં ૭૫મી. તથા ૨૪મી. ના બે સુચિત રસ્તારેષામાં ફેરફાર કરવાના થાય છે જે પણ કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ, યોજનાના મુસદ્દામાં ઉક્ત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા વિકાસ યોજનાના રસ્તાઓના ફેરફાર પરત્વે અધિનિયમની ક્લમ ૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નંબર :(૧૦) મોજે રતનપુર ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૬-ડી રતનપુર ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે રતનપુર ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૬-ડી રતનપુર ગામના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા. ૨૫/૦૮/૨૦૨૧ ના રોજ મુખ્ય નગર નિયોજક ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા. ૨૯/૧૧/૨૦૨૧ ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-ડી રતનપુર તૈયાર કરવાના કામે વુડાની તા. ૦૪/૦૧/૨૦૨૨ ની બોર્ડ બેઠક નં.૨૪૯ માં મુદ્દો લઇ તે પરત્વે ઠરાવ ક્રમાંક ૨૭૭૧ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્દાનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા. ૦૪/૦૧/૨૦૨૨ ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધ તા. ૨૦/૦૧/૨૦૨૨ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં. ૧૦-૧૧ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા. ૨૧/૦૧/૨૦૨૨ ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, એલ.એન્ડ.ટી. સર્કલ પાસે, વીઆઇપીરોડ, વડોદરા ખાતે તા.૨૬/૦૪/૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં “જાહેર નોટીસ” પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમની કલમ-૪૨ તથા તે તળેના નિયમો – ૧૯૭૯ ના નિયમ-૧૮ મુજબ અધિસુચન તા. ૦૨/૦૫/૨૦૨૨ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમય ગાળામાં નગર રચના યોજના નં ૦૧ ના કુલ<u>૪૮</u> વાંધા રજુ થયેલ છે. સમયમર્યાદામાં આવેલ નગર રચના યોજના નં ૨૬-ડી ના વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોમુજબસુધારા કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા તથા નગર રચના યોજના બનાવતી વેળાએ સ્થળસ્થિતિ તેમજ લાગુ રોડની રસ્તારેષામાં વિસંગતતા હોવાનું જણાયેલ હોય, રસ્તારેષા સુઆયોજીત તેમજ સુસંગતતા થઈ શકે તે હેતુથી ડી.પીના સુચિત ૧૮ મી તેમજ ૧૨મી પહોળાઈના રોડોનીરસ્તારેષામાં સુધારો કરવો જરૂરી જણાય છે. જે અન્વયે સુધારો કરવા બાબતે ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ સાદર રજુ.

<u>ઠરાવ ક્રમાંક:(૨૮૨૦) </u>: મોજેરતનપુર ખાતે સુચિત નગર રચના યોજનાનં ૨૬/ડી (રતનપુર) નો મુસદ્દો ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા. ૦૨/૫/૨૦૨૨ થી એક માસની સમય મર્યાદામાં સૂચિત નગર રચના યોજનાનં ૨૬/ડી માં કુલ ૪૮ વાંધા અરજીઓ સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની વિવિધ કુલ ૬૧ રજુઆત પૈકી કુલ – ૨૫ રજૂઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા અને બાકીની ૩૬ રજૂઆતો જાહેર હિતમાં ગ્રાહય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ ડી.પી રોડના રસ્તાની

રેષાઓમાં સૂચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું, વધુમાં લાગુ મોજે જોબનટેકરીમાં તથા મોજે કપુરાઈમાં ૧૮ મીટર તથા ૧૨ મીટરના રોડની રસ્તારેષામાં થતાં ફેરફારની અસર ને પણ કલમ ૧૯ હેઠળ ફેરફાર અને રસ્તા પૈકીની જમીનોને લાગુ ઝોનમાં સ્થીત કરવા ઠરાવવામાં આવેલું છે. આમ યોજનામાં મુસદ્દામાં ઉક્ત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રી માં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા વિકાસ યોજનાના રસ્તાઓના ફેરફાર પરત્વે અધિનિયમની કલમ-૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા જે અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

મુદ્દા નંબર:(૧૧) મોજે આમલીયારા ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૯/બી (આમલીયારા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે આમલીયારા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯/બી આમલીયારા ગામના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજ મુખ્ય નગર નિયોજક ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા. ૦૮/૧૦/૨૦૨૧ ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/બી આમલીયારા તૈયાર કરવાના કામે વુડાની તા. ૦૪/૦૧/૨૦૨૨ ની બોર્ડ બેઠક નં.૨૪૯ માં મુદ્દો લઇ તે પરત્વે ઠરાવ ક્રમાંક ૨૭૭૨ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્દનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા. ૦૪/૦૧/૨૦૨૨ ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધ તા. ૧૭/૦૧/૨૦૨૨ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં. ૦૫-૦૬ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા. ૨૧/૦૧/૨૦૨૨ ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, એલ.એન્ડ.ટી. સર્કલ પાસે, વીઆઇપીરોડ, વડોદરા ખાતે તા.૨૬/૦૪/૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં "જાહેર નોટીસ" પણ પ્રસિધ્ધ કરવામાં આવેલત્યારબાદ અધિનિયમ-૧૯૭૬ની કલમ -૪૨ તથા તે તળેના નિયમો -૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા. ૦૨/૦૫/૨૦૨૨ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમયગાળામાં નગર રચના યોજના નં ૨૯/બી ના કુલ<u>૬૧</u> વાંધા રજુ થયેલ છે. સમય મર્યાદામાં આવેલ નગર રચના યોજના નં ૨૯/બી ના વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયોમુજબ સુધારો કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા તથા નગર રચના યોજના બનાવતી વેળાએ સ્થળસ્થિતિ તેમજ લાગુ રોડની રસ્તારેષામાં વિસંગતતા હોવાનું જણાયેલ હોય, રસ્તારેષા સુઆયોજીત તેમજ સુસંગતતા થઈ શકે તે હેતુથી ડી.પીના સુચિત ૭૫મી તેમજ ૧૮મી પહોળાઈના રોડોની રસ્તારેષામાં સુધારો કરવો જરૂરી જણાય છે. જે અન્વયે સુધારો કરવા બાબતે ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ સાદર રજુ.

<u>ઠરાવ ક્રમાંક:(૨૮૨૧)</u> : મોજેઆમલીયારા ખાતે સુચિત નગર રચના યોજનાનં ૨૯/બી (આમલીયારા) નો મુસદ્દો ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યા તા. ૦૨/૫/૨૦૨૨ થી એક માસની સમય મર્યાદામાં સૂચિત નગર રચના યોજનાનં ૨૯/બી માં કુલ ૬૧ વાંધા અરજીઓ સત્તામંડળને મળેલ. તમામ અરજીઓમાં ઉલ્લેખેલ મુળખંડ અને અંતિમખંડ માટે કુલ ૯૪ રજુઆત આવેલ. જે પૈકી કુલ – ૪૦ રજૂઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા અને બાકીની ૫૪ રજુઆતો જાહેર હિતમાં ગ્રાહય ન રાખવા નક્કી કરવામાં આવેલ. સદર

યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ૭૫મી. તથા ૧૮મી.ના ડી.પી રોડના રસ્તા રેષાઓમાં સૂચિત યોજનામાં ફેરફાર મુજબ કાયમ રાખવા તથા રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા તેમજ સદર ફેરફારના કારણે પશ્ચિમે લાગુ ગામ મોજે:- સુખલીપુરામાં ૭૫મી. તથા ૧૮મી. અને પૂર્વે લાગુ મોજે:- કુમેઠામાં પણ ૭૫મી. સુચિત રસ્તા રેષામાં ફેરફાર કરવાના થાય છે જે પણ કલમ ૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ, યોજનાના મુસદ્દામાં ઉક્ત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રી માં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા વિકાસ યોજનાના રસ્તાઓના ફેરફાર પરત્વે અધિનિયમની ક્લમ ૧૯ હેઠળ સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

અધ્યક્ષ સ્થાનેથી

મુદ્દાનં.(૧) મોજે વડદલા તા. વડોદરા માંથી પસાર થતા ૭૫.૦૦ મીટરના રીંગ રોડની એલાઈનમેન્ટમાં કાયદાની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં ફેરફાર કરવા બાબત.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા મોજે. વડદલામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫૮ (વડદલા) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ છે. વુડા વિસ્તારની મંજુર તથા અમલી વિકાસ યોજનામાં દર્શાવ્યા મુજબ ૭૫.૦૦ મીટરનો રોડ મોજે. વડદલા માંથી પસાર થાય છે. તા.૧૩/૦૫/૨૦૨૨ ના પત્ર ક્રમાંક : જા.નં. ૧૨૯ થી વડોદરા મહાનગર પાલિકા દ્વારા સદર ૭૫.૦૦ મીટરના રોડની પથરેખામાં ફેરફાર અંગે અત્રે જાણ કરવામાં આવેલ છે. વડદલાની સુચિત નગર રચના યોજનાનો નકશો તૈયાર કરવાનું કાર્ય ચાલુમાં હોઈ, તા. ૧૩/૦૫/૨૦૨૨ ના પત્રમાં જણાવ્યા અનુસાર મોજે. વડદલા તથા વુડા વિસ્તારમાં સ્થિત મોજે. રતનપુર ગામના ટીકાને જોડતા સદર ૭૫.૦૦ મીટરનો રીંગરોડની વડદલા તરફના ભાગમાં પથરેખામાં ફેરફાર સુચવેલ છે. આ અંગે વડોદરા મહાનગર પાલિકાના તા.૧૬/૦૫/૨૦૨૨ તથા તા.૦૫/૦૭/૨૦૨૨માં જણાવ્યા અનુસાર મંજુર તથા અમલી વિકાસ યોજનામાં મોજે. વડદલા ૭૫.૦૦ મીટરના રોડની પથરેખા (એલાઈનમેન્ટ) માં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ -૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવાની દરખાસ્ત આગામી બોર્ડ બેઠકમાં કરવાની રહે. તા.૧૬/૦૫/૨૦૨૨ ના પત્રમાં જણાવ્યા અનુંસાર રોડની પથરેખા (એલાઈનમેન્ટ)માં ફેરફાર કરવાથી આજુબાજુનાં વિસ્તારમાં અસર કરતા રેવન્યુ સર્વે નંબર/ બ્લોક નંબર ને લાગુ આર-૩ ઝોનમાં તબદીલ કરવાના રહે તેમ જણાવેલ છે.

ઉક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં મોજે. વડદલા માંથી પસાર થતા ૭૫.૦૦ મીટરના રોડની પથરેખા (એલાઈનમેન્ટ) માં કાયદાની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા તથા ફેરફારની દરખાસ્ત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મોકલવા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે રજુઆત છે. વધુમાં આ અંગેની ઘટિત કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીને અધિકૃત કરવા બોર્ડ સમક્ષ રજુઆત છે.

ઠરાવ ક્રમાંક:(૨૮૨૨): મોજે. વડદલા માંથી પસાર થતા ૭૫.૦૦ મીટરના રોડની પથરેખા (એલાઈનમેન્ટ) માં કાયદાની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા તથા ફેરફારની દરખાસ્ત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મોકલવાની રજુઆત બોર્ડના સર્વ સભ્યશ્રીઓ દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ છે. તથા આ અંગેની ઘટીત કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવા બહાલી આપવામાં આવેલ છે.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુદ્દા નં.(૨) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ અને સરકારશ્રીમાં મંજૂરી સારૂ સાદર કરાયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪/એ (અંકોડીયા-ખાનપુર-મહાપુરા- સેવાસી) ની હદમાં સમાવિષ્ટ થતાં મોજે ખાનપુરના બ્લોક/રે.સ.નં.૪૪ અને ૬૯ની જમીન માલિક/ડેવલપર દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પે.સીવીલ. એપ્લી નં.૧૧૧૩૯ ઓફ ૨૦૨૧માં થયેલ LPA:871/2022 તથા તે પરત્વે અત્રેથી દાખલ કરેલ CA માં વકીલની નિમણુંક કરવા બાબત.**

અરજદારશ્રી કૃપેશ પટેલ દ્વારા તેઓની માલિકોની મોજે. ખાનપુર, બ્લોકનં.૪૪+૬૯ વાળી ટી.પી.સ્કીમ નં.૨૪/એ, એફ.પી.નં. ૧૨૬ વાળી જમીનમાં અત્રેથી જરૂરી લાગત પેટે ભરવાપાત્ર લાગત ના હપ્તા સહ તા.૧૪/૦૭/૨૦૨૧ ની શરતી વિકાસ પરવાનગી મેળવેલ. ત્યારબાદ સદરહું ટી.પી.સ્કીમ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરેલ હોય, ત્યારબાદ તેઓ દ્વારા નેટ ડીમાન્ડની રકમ ન ભરવા બાબતે નામદાર હાઇકોર્ટમાં SCA No. 11139/2021 થી દાવાપ્રકરણ કરેલ. જે દાવાપ્રકરણ પરત્વે વુડા તરફથી રજુઆત કરવા પેનલ એડવોકેટશ્રી હેમંત મુન્શાની નિમણુંક કરવામાં આવેલ. તથા સદર દાવાપ્રકરણની મહત્વતા જોતાં વુડા તરફે સઘન રજુઆત કરવા બોર્ડ બેઠકનં. ૨૪૮ ના બોર્ડના ઠરાવ નં. ૨૭૬૦ તા. ૦૬/૧૦/૨૦૨૧ થી મંજુરી મેળવી સિનિયર એડવોકેટશ્રી પ્રશાંત દેસાઇની નિમણુંક કરવામાં આવેલ. તથા તેઓ દ્વારા જણાવેલ વકીલ ફી પેટે ૪૫૦૦૦/પ્રતિ હિયરીંગ ચુકવવા પણ બોર્ડની મંજુરી મેળવેલ.

સદર દાવાપ્રકરણમાં નામદાર હાઇકોર્ટ દ્વારા તા.૦૮/૦૬/૨૦૨૨ ના CAVઓર્ડરથી વુડા તરફે ચુકાદો આવેલ છે. પરંતુ સદર ઓર્ડરમાં વાદીને LAP કરવા સારૂ ૪ અઠવાડીયાનો સમય આપેલ છે. ત્યાં સુધી અગાઉ તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ ઓરલ ઓર્ડરથી આપેલ ઇન્ટ્રીમ રીલીફ કાયમ કરેલ છે.

હાલમાં અરજદારશ્રી દ્વારા નામદાર હાઇકોર્ટમાં LPA:871/2022 દાખલ કરેલ છે. જે કોર્ટ પ્રકરણ અત્રેથી CA દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. CA માં LPA માં વુડા તરફથી રજુઆત કરવા પેનલ એડવોકેટશ્રી હેમંત મુન્શાની નિમણુંક કરવામાં આવેલ છે. તથા સિનિયર એડવોકેટશ્રી પ્રશાંત દેસાઇની નિમણુંક કરવામાં આવેલ છે. જે પરત્વે પ્રશાંત દેસાઇ દ્વારા તા.૦૨/૦૭/૨૦૨૨ ના પત્રથી તેઓની વકીલ ફી પેટે ૫૦,૦૦૦/- + ૧૦% કર્લાકેજ પ્રતિ દિવસ ચાર્જ કરશે તેવી જાણ અત્રે કરેલ છે.

ઉકત વિગતો ધ્યાને લઇ; સવાલવાળા દાવા પ્રકરણ SCA:11139/2021 પરત્વે થયેલ LPA:871/2022 તથા CA માં વુડા તરફથી રજુઆત કરવા સિનિયર એડવોકેટશ્રી પ્રશાંત દેસાઇની નિમણુંક કરવા તથા તેઓ દ્વારા જણાવ્યા મુજબ ફી પેટે ૫૦૦૦૦/- +૧૦% કર્લાકેજ ચુકવવા બોર્ડના સર્વે સભ્યો સમક્ષ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક:(૨૮૨૩)** દાવા પ્રકરણ SCA:11139/2021 પરત્વે થયેલ LPA:871/2022 તથા CA માં વુડા તરફથી રજુઆત કરવા સિનિયર એડવોકેટશ્રી પ્રશાંત દેસાઇની નિમણુંક કરવા તથા તેઓ દ્વારા જણાવ્યા મુજબ ફી પેટે ૫૦૦૦૦/- +૧૦% કર્લાકેજ ચુકવવા બોર્ડના સર્વે સભ્યો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

**અંતમાં સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.**

**સહી/-**
**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**

**સહી/-**
**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**